# કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણો :

| અ.નં. | કામની વિગત | નકકી કરેલ ધોરણ |
|---|---|---|
| ૧ | વૃક્ષ ઉછેર માટે જમીન મળવા બાબત | ફળઝાડ અને અન્ય વૃક્ષના ઉછેર માટે આપવા બાબત :<br>ભાડાપટ્ટે આપવાનું ધોરણ :<br>ગ્રામ વિકાસ એજન્સી : ૮૦ હેકટર સુધી<br>ઠરાવમાં જણાવેલ સહકારી મંડળીઓ અને<br>સ્વૈચ્છિક સંસ્થાઓ :– સભ્યદીઠ વધુમાં વધુ – ૨ હેકટર મહતમ – ૮૦ હેકટરની મર્યાદામાં વ્યકિતગત :–<br>ઓછામાં ૧ હેકટર આદિવાસી વિસ્તારમાં જમીન ઓછી હોય તો આદિવાસીઓને ૧/૨ હેકટર જમીન આપી શકાશે. જમીન ની ફાળવણી સબંધે અન્ય જોગવાઈ ઠરાવમાં કરેલ છે. તે પણ લક્ષમાં લેવાની રહે છે.<br>(૨) કપાસ તથા અન્ય પાકોના વાવેતર માટે આપવા બાબત : આ યોજના હેઠળ બિન ભારતીય કંપનીઓ વ્યકિગત ,સહકારી મંડળીઓ ભારતીય ઉદ્યોગો ગૃહો કોર્પોરેટ સંસ્થા પબ્લીક લી. કંપનીઓ કે કંપનીઓ ઈઝરાઇલ ટેકનોલીજીક કે અન્ય વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરી જમીન વિકાસની પ્રવૃતિઓ હાથધ રવા તેમજ ઔષધ ઉછેર માટે કાર્ય કરવા માંગતી હોય તેઓને ઓછામાં ઓછી ૧૦૦ એકર અને વધુમાં ૨૦૦૦ એકર જમીન ઉપલબ્ધ થયાને ધ્યાને લઈ ૨૦ વર્ષના ભાડાપટ્ટે ઠરાવમાં જણાવેલ શરતો અને જોગવાઈઓ મુજબ દરખાસ્ત તૈયારી મોકલવાની રહેશે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટે ૯૦દિવસ નકકી કરેલ છે. |
| ૨ | ખેતીના હેતુમાટે ખાતેદારની ખેતીની લાગુ જમીન મળવા બાબત | ઠરાવના ફકરા –૧૯ માં જણાવેલ જોગવાઈઓ ધ્યાને લઈ જમીનનું નિકાલ કરવાનું થાય છે. મામ.શ્રી સમક્ષ માંગણી કરવામાં આવે ત્યારે મામ.શ્રી/ પ્રાન્ત અધિ.શ્રી વિગતવાર ચકાસણી કરી કલે.શ્રીને દરખાસ્ત કરવાની થાય છે. અને તે અન્વયે કલે.શ્રીએ નિર્ણય લેવાનો રહે છે.જરાયત –૨ એકરથી ઓછી મુખ્ય માર્ગની નજીકની શહેરી વિસ્તાર તેમજ એન.એ. પોટેશીન્યાલીટી ધરાવતી હોય તેવી જમીનો, ડેમ, નદી , તળાવ , રેલ્વે લાઈનની નજીકની લાઈનો આપવાની થતી નથી. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૬૦ દિવસ નકકી કરેલ છે. |
| ૩ | –સરકારી / ગૌચરની જમીનના ખેતીના દબાણો | –સરકારી પડતર જમીનનું દબાણ ખેતી હેતુમાટે ૮ હેકટર ખાતુ વધે નહિ તે રીતે નિયમીત કરી શકાય .<br>– ખાસલા અને સરકાર દાખલ થયેલ વિકસીત જમીનોમાં ખાતુ ૪ |

| | | |
|---|---|---|
| | નિયમીત કરવા બાબત<br>–બીનખેતી દબાણો નિયમીત કરવા બાબત. | એકરથી વધે નહિ તે રીતે નિયમીત થઈ શકે.<br>– ટેકનિકલ દબાણ પોષણક્ષમ ક્ષેત્રથી ખાતા વધે નહિ તે રીતે નિયમીત થઈ શકે.<br>– તા.૧/૪/૭૨ ના રોજ સતત ત્રણ વર્ષ પહેલાનો હોય તો ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ૫ટની રકમ લઈ નિયમીત થઈ શકે.<br>– ખાલસા થયેલ જમીનો અઢી ગણી કિંમત લઈ દબાણ નિયમીત થઈ શકે.<br>– તા.૧/૪/૭૨ ના રોજ જેને ત્રણ વર્ષજ્ઞ થયેલ ના હોય તેવા દબાણોમાં અઢી ગણી કિંમત લેવાની થાય પરંતુ પછાત વર્ગના કિસ્સામાં એકવડી અને અઢી ગણીની વચ્ચેની કિંમત લઈ દબાણ નિયમીત થઈ શકે.<br>બિ.ખે. હેતુના દબાણમાં અઢીગણી રહેણાંક હેતુમાટે અઢી ગણી કિંમતે દબાણ નિયમીતકરી શકાય .પછાત વર્ગ માટે એકવડીથી ઓછી નહિ. અને વધુમાં વધુ અઢીગણી વચ્ચેની કિમત વસુલ લઈ નિયમીત કરી શકાય.દબાણ નિયમીત કરવાના અધિકારો પ્રમાણે કલે.શ્રી / સરકારશ્રી દબાણ નિયમીત કરી શકે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૭૫ દિવસ નકકી કરેલ છે. |
| ૪ | રહેણાંક હેતુમાટે જમીન મળવાની વ્યકિગત તથા સહકારી ગૃહ નિર્માણ મંડળીઓની માંગણી | સરકારશ્રીના મ.વિ.ના તા.૬/૬/૨૦૦૩ ના ફકરા –૧ ખ મુજબ વ્યકિગત કિસ્સામાં ૨૦૦ ચો.મી. અને એકલાખ કિંમત સુધીના અને સહકારી ગૃહ નિર્માણ કિસ્સામાં ૮૦૦૦ ચો.મી. તથા છલાખ કિંમત સુધીના જમીન ગ્રાન્ટ કરવાના કલે.શ્રીને અધિકારો છે. પરંતુ ન.પા. વિસ્તાર અને તેને ૫ કિ.મી. વિસ્તારમાં સરકારી જમીનો આઈડેન્ટફાઈડ કરવા અને તે સિવાયના જમીનનો હરાજી સિવાય નિકાલ ન કરવા સુચનાઓ હોય તે જમીન ની બેઠી કિંમતે નિકાલ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૯૦ દિવસ નકકી કરેલ છે. |
| ૫ | મંદિર – મસ્જીદ – ચર્ચ જેવા ધાર્મિક હેતુમાટે કિંમત લઈને જમીન | સરકારશ્રીના મ.વિ.ના તા.૬/૬/૨૦૦૩ ના ફકરા –૧ (ખ) મુજબ ૨૦૦ ચો.મી. અને ૫૦ હજાર કિંમત સુધીની જમીન મંદીર મસ્જીદ ચર્ચ વિગેરે ધામિક હેતુમાટે જમીન ગ્રાન્ટ કરવા કલેકટરશ્રીના અધિકારો છે. તે સિવાય સરકારીશ્રીના કાર્યક્ષેત્રમાં આવે છે.<br>માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી |

| | | |
|---|---|---|
| | આપવા અંગે. | નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૧૦૦ દિવસ નકકી કરેલ છે. |
| ૬ | ઔદ્યોગિક હેતુમાટે જમીન મળવા બાબત | સરકારશ્રીના મ.વિ.ના તા.૬/૬/૦૩ ના ઠરાવ નં. જમન. ૩૯૨૦૦૩/૪૫૪/અ , ના ફકરા –૧(ખ) મુજબ ઔદ્યોગિક હેતુમાટે હેકટર– ૨ , અને રૂા.પંદરલાખ સુધીની જમીન ગ્રાન્ટ કરવાના કલે.શ્રીના અધિકાર છે. તે કરતાં વધુ ગ્રાન્ટ કરવા અધિકારો સરકારશ્રીને છે. ગ્રા.પં.ની સંમતિ લઈ ગૌચરની જમીન મ.જિવ.ના ઠરાવ ક્રમાંકઃજમન. ૩૯૯૯/૨૯–અ , તા.૨૭/૧/૯૯ ના ઠરાવ મુજબ ૩૦ % વધુ કિંમત લઈ આપી શકાય છે. માંગણી રજા થયેથી માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૯૦ દિવસ નકકી કરેલ છે. |
| ૭ | સહકારી મંડળઓને ગાડાઉન બનાવવા માટે | સરકારશ્રીના મ.વિ.ના તા.૬/૬/૦૩ ના ઠરાવ નં. જમન. ૩૯૨૦૦૩/૪૫૪/અ , ના ફકરા –૧(ખ) મુજબ સહકારી મંડળીઓને ગોડાઉન માટે ૫૦૦ ચો.મી. અને રૂપિયા ત્રણલાખસુધીની સરકારી પડતર જમીન આપવાના કલે.શ્રીને અધિકાર છે. તે કરતા વધુ અધિકારીઓ સરકારશ્રીના છે. માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૯૦ દિવસ નકકી કરેલ છે. |
| ૮ | વણાટકામ કરનારી વણકર સહકારી મંડળઓને વણાટકામના એકમ બાંધવા જમીન આપવા અંગે | ઠરાવ મુજબ સોસાયટી માટે એક હેન્ડલુમ માટે ૭૦ ચો.મી. સુધી જમીનની આવ્યશકતા ધ્યાને લઈવખતો વખતની અધિકારની મર્યાદામાં ૨૫% કિંમત લઈ જમીન આપવા જોગવાઈ છે. માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૯૦ દિવસ નકકી કરેલ છે. |
| ૯ | ખેતીની જમીન રહેણાંક ઉદ્યોગ – વેપારના હેતુમાટે બીનખેતીમાં ફેરવવા અંગે. | જમીન મહેસુલ અધિ. –૧૮૭૯–કલમ–૬૫ તેમજં સરકારશ્રીના મ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ બખપ. ૧૦૨૦૦૧/ ૨૬૮૫–ક, તા.૧૬/૨/૨૦૦૪ ના ઠરાવ તેમજ તા. ૨૫/૩/૮૧ ના ઠરાવ અને અન્ય જોગવાઈઓ ધ્યાને લઈ રહેણાંક માટે ૪૫ દિવસ અને અન્ય હેતુમાટે ૬૦ દિવસમાં નિકાલ કરવાનું ધોરણ છે. |

| | | |
|---|---|---|
| | (શહેરી વિસ્તાર ) | |
| ૧૦ | જ.મ. કાયદાની કલમ–૬૫– ખ મુજબ ખરેખર ઔદ્યોગિક હેતુમાટે જમીન નો ઉપયોગ કરવા અંગે | જમીન મહેસુલ કાયદાની કલમ– ૬૫ – ખ મુજબ નગરપાલીકા વિસ્તાર અને તેની ૫ કિ.મી.ના ત્રિજયાવાળા વિસ્તાર સિવાય પ્રમાણિક ઉદ્યોગમાં સમાવેશ થતા ઉદ્યોગોને પ્રશ્ચાતવર્તી અસરથી ની ૯૦ની અંદર ૬૫–ખ ની જોગવાઈઓ સંતોષાયાની ખરાઈ કરી પ્રમાણપત્ર આપવાનું ધોરણ છે. |
| ૧૨ | નવીશરતની જમીન બિનખેતી હેતુમાટે ઉપયોગ કરવા પરવાનગી મળવા બાબત. | ખેડુત ખાતેદારની જમીન ઉપર ૨૦ વર્ષ ખેતીથી વધુ કબજો હોય તો પરવાનગી આપવાનું આ કચેરીના અધિકારમાં આવે છે. જયારે ૨૦ વર્ષથી ઓછો કબજો હોય તો પરવાનગી આપવાનું સરકારશ્રીના મ.વિ.ના અધિકારમાં આવે છે. એકલાખ કે તેથી વધુ વસ્તીવાળા શહેરોમાં કે તેવા શહેરોની આસપાસ પંદર માઈલના વિસ્તારમાં અથવા ઔદ્યોગિક વિસ્તારો તરીકે જાહેર થયેલ વિસ્તારોમાં જિલ્લા મથકો કે તેની આસપાસના સાત માઈલ વિસ્તારના પરવાનગી આપવાનું સરકારશ્રીના મ.વિ.ના અધિકારમાં આવે છે. ૨૦ વર્ષથી વધુ કબજો હોય તો બજાર કિંમતના ૭૦ % પ્રિમીયમ વસુલ લેવાનું થાય છે. જયારે ૨૦ વર્ષથી ઓછો કબજો હોય તો ૮૦ % પ્રિમીયમ વસુલ લેવાનું થાય છે. માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૬૦ દિવસ નકકી કરેલ છે. |
| ૧૩ | ગણોતધારાની કલમ–૪૩ હેઠળની જમીન બીનખેતી હેતુમાટે તબદીલ કરવા અંગે. | જોગવાઈ મુજબ નવીશરતની જમીન ૨૦ વર્ષ પછીના બી.ખે. ઉપયોગ માટે નિયંત્રણમાંથી મુકિત આપવાના અધિકારો કલે.શ્રીને છે. પરંતુ એકલાખ કે તેથી વધુ વસ્તીવાળા શહેરોમાં કે તેવા શહેરોની આસપાસ ૧૫ માઈલના વિસ્તારોમાં અથવા ઔદ્યોગિક વિસ્તારો તરીકે જાહેર થયેલ વિસ્તારોમાં જીલ્લા મથકો કે તેની આસપાસ ૭(સાત) માઈલના વિસ્તારમાં સરકારના હુકમો મેળવી કલેકટરે નિકાલ કરવાનો હોય છે. ૨૦ વર્ષ થયા પહેલા જમીનની બી.ખે. માટેની તબદીલીની કિસ્સામાં સરકારની મંજુરી મેળવવાની થાય છે. ૨૦ વર્ષથી વધુ કબજો હોય તો બજાર કિંમતના ૭૦ % પ્રિમીયમ વસુલ લેવાનું થાય છે. જયારે ૨૦ વર્ષથી ઓછો કબજો હોય તો ૮૦ % પ્રિમીયમ વસુલ લેવાનું થાય છે.માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૯૦ દિવસ નકકી કરેલ છે. |

<table>
<tr><td></td><td></td><td></td></tr>
<tr><td>૧૪</td><td>નવી અને અવિભાજય સત્તા પ્રકારે ધારણ કરેલી બીનખેતી વિષયક હેતુ અર્થે ની જમીન વેચાણ કરવા પરવાનગી મળવા માંગણી</td><td>સરકારશ્રી તરફથી બિ.ખે. હેતુમાટે નવીશરતનું ગ્રાન્ટ કરેલ જમીન/ પ્લોટ  તેના બાંધકામ સહિત વેચાણ આપવાની પરવાનગી યોગ્ય કારણો સાથે રજુ કરવામાં આવે તો નીચે મુજબના પ્રિમીયમ લઈ સરકાર કક્ષાએથી પરવાનગી મેળવી મંજુર આપી શકાય છે.<br>(૧)રહેણાંક હેતુમાટે બજાર કિંમત અને  અગાઉ ભરેલ કિંમતવચ્ચેના ના તફાવતના ૫૦ % પ્રિમીયમ<br>(ર) રહેણાંક હેતુ સિવાય બજાર કિંમત અને અગાઉ ભરેલ કિંમતના વચ્ચેના  તફાવતના ૭૫ % પ્રિમીયમ<br>અનઅધિકૃત વેચાણ થયેલ હોય તો  નીચે મુજબ પ્રિંમીયમ લઈ નિયમિત કરી શકાય<br>(૧)રહેણાંક હેતુમાટે બજાર કિંમત અને  અગાઉ ભરેલ કિંમતવચ્ચેના ના તફાવતના ૭૫ % પ્રિમીયમ<br>(ર) રહેણાંક હેતુ સિવાય બજાર કિંમત અને અગાઉ ભરેલ કિંમતના વચ્ચેના  તફાવતના ૧૦૦ % પ્રિમીયમ<br><br>.માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૯૦ દિવસ નકકી કરેલ છે.</td></tr>
<tr><td>૧૫</td><td>બેંકના  લહેણા પેટે હરાજીમાં સરકારે રાખેલી જમીન ૧ર વર્ષ સુધીમાં મુળ ખાતદારને પરત આપવા અંગે.ક્ષ</td><td>જોગવાઈ મુજબ બેકના બાકી લ્હેણાં પેટે ખાતેદારની જમીન હરાજી કરી સરકાર દાખલ કરેલ હોય તો ઉકત જમીન બાર વર્ષની મુદતમાં રી ગ્રાન્ટની જોગવાઈ છે. ઉકત જોગવાઈ મુજબ બેંકના બાકી લ્હેણાંની રકમ તે ઉપર ૧૫ % મુજબ વ્યાજ ચોથાઈ દંડ તથા સરકારશ્રીમાં હરાજી માં થયેલ ખર્ચ વિગેરે નાણાં વસુલ લઈ જમીન મુળ ખાતેદાર / વારસદારોને  પરત કરી શકાય છે.  .માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૬૦ દિવસ નકકી કરેલ છે.</td></tr>
<tr><td>૧૬</td><td>શાળા / છાત્રાલય જેવા જાહેર હેતુમાટે જમીન આપવા બાબત.</td><td>જમીન મહેસુલ નિયમોના નિયમ–૩ર  જોગવાઈ મુજબ તથા સરકારશ્રીના કેળવણી અને ઔદ્યોગિક ખાતાના ઠરાવ નં.૬૫ર૬, તા.૧૭/૧૦/૪૭ મુજબ  શાળા/છાત્રાલય  જેવા જાહેર હેતુમાટે જમીન આપવાની જોગવાઈ છે.<br><table><tr><td>કુલ કેટલા વિદ્યાર્થીઓ વસ્તીના ૧૫ ટકાના ધોરણે</td><td>કેટલા રૂમ હોવા જોઈએ</td><td>તે માટે કેટલા એકર જમીન મકાન</td><td>કેટલી જમીન રમત–ગમત માટે</td><td>કુલ</td></tr></table></td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| | | માટે જોઈએ | | |
| ૧૬૦–૨૪૦ | ૪–૮ | ૧/૨ થી ૧ | ૨–૩ | ૨ ૧ થી ૪ ૨ |
| ૨૪૦–૩૨૦ | ૬–૯ | ૧ | ૩–૪ | ૪–૫ |
| ૩૨૦–૪૦૦ | ૯–૧૨ | ૧ ૧/૨ | ૪–૫ | ૫–૬ |
| ૪૦૦–૪૮૦ | ૧૨ | ૧ ૧/૨ | ૫–૬ | ૬–૭ |

.માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૬૦ દિવસ નકકી કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧૭ | રજીસ્ટર્ડ ટ્રસ્ટ / જાહેર સંસ્થાઓ તરફથી જુદા જુદા હેતુમાટે બજાર કિંમતથી જમીન વેચાણ મળવા બાબત. | સરકારશ્રીના મ.વિ.ના ઠરાવ ક્રમાંકઃજમન.૩૯૨૦૦૩–૪૫૪–અ, તા.૬/૬/૨૦૦૩ માં જણાવ્યા મુજબ જાહેર સંસ્થાઓ સહકારી મંડળીઓ તેમજ પબ્લીક ટ્રસ્ટ ૨૦૦ ચો.મી. અને ૩ લાખ કિંમત સુધીની જમીન ગ્રાન્ટ કરવાના કલે.શ્રીને અધિકાર છે. માંગણીનો હેતુ/ જરૂરિયાત તેમજ સબંધીત ટ્રસ્ટની સેવાઓ ધ્યાને લઈ જમીન ફાળવવા કાર્યવાહી કરવાની થાય છે. .માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૬૦ દિવસ નકકી કરેલ છે. |
| ૧૮ | ખાસ જાહેર હેતુઓ માટે જમીન નીમ કરવા બાબત. | જમીન મહેસુલ અધિનિયમ– કલમ–૩૮ માં જણાવેલ હેતુઓ માટે સાર્વજનિક હેતુમાટે જરૂરીયાત ચકાસી જમીન નીમ કરવામાં આવે છે. .માંગણી રજુ થયેથી સંબંધીત ના અભિપ્રાયો મેળવી નિયમોનુસાર નિકાલ કરવાનો થાય છે. નાગરિક અધિકાર પત્રમાં નિકાલ માટ ૬૦ દિવસ નકકી કરેલ છે. |
| ૧૯ | મહીલા પ્રધાન ક્ષેત્રીય બચત યોજના સરકાર શ્રી ના નાંણા વિભાગના ઠરાવ નં.નબચ. ૧૦૨૦૦૨– મે.રે.૬.બ , | આ યોજના તળે ૨૧ વર્ષની કે તે કરતાં વધુ ઉપરની મહીલા અને ધોરણ–૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર અરજી કરી શકે છે. ૧૦૦૦ ધરોની સંખ્યા મુજબ એક એજન્ટની નીમી શકાય છે. |

| | | |
|---|---|---|
| | તા.૧૭/૩/૨૦૦૩ થી એજન્સી ઈસ્યુ કરવા કલેકટરશ્રી જે તે જીલ્લા પુરતા અધિકૃત છે. | |
| ૨૦ | જાત રક્ષણ હથિયાર પરવાના મેળવવા બાબત ( રીવોલ્વર, પિસ્તોલ, રાયફલ, ડીબીબીએલ ગન વિ. ) | સ્વરક્ષણ માટેની હથિયાર પરવાના મેળવવા માટે નિયત નમુનામાં રૂા. ૩–૦૦ ની કોર્ટ ફી લગાવીને, ૦૦૫૫ પોલીસ સદરે રૂા. ૧૦૦/– ચલન થી જમા કરાવી, ચલનની નકલ સાથે અરજી કરવાની હોય છે. અરજી સાથે આધારભુત દસ્તાવેજો જોડવાના રહ છે. મામલતદારશ્રી અને પોલીસ અધિક્ષકશ્રી તપાસણી અહેવાલ નિગાહે લઈ, જિલ્લા મેજી.શ્રી ધ્વારા પરવાનો આપવા નિર્ણય કરવામાં આવે છે. અરજીના નિકાલનો સમય : ૭૫ દિવસનો છે. |
| ૨૧ | *પેટ્રોલિયમ પેદાશોના સંગ્રહ માટે ' ના વાંધા પ્રમાણપત્ર ' મળવા બાબત.* | પેટ્રોલિયમ પેદાશોના સંગ્રહ માટે ' ના વાંધા પ્રમાણપત્ર ' મેળવવા ફોર્મ નં. ૮ માં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને જમીન માલિકીના આધાર દસ્તાવેજ, જગ્યાના લે–આઉટ પ્લાન, નકશા સાથે અરજી કરવાની રહે છે. તપાસણી અધિકારીશ્રી મામલતદાર, પોલીસ અધિક્ષકશ્રી અને કા.ઈ.શ્રી મા. અને મ. વિભાગના અભિપ્રાય ધ્યાને લઈ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ના વાંધા પ્રમાણપત્ર આપે છે. અરજીનો નિકાલ ૧૮૦ દિવસમાં કરવાનો થાય છે. |
| ૨૨ | *સોલેશિયમ ફંડ સ્કીમ ૧૯૮૯ હેઠળ સહાય મંજુર કરવા અંગે.* | અકસ્માત કરનાર વાહન, ભાગી જાય અને તેનો પત્તો મળી ન શકે તેવા સંજોગોમાં મૃત્યુના કિસ્સામાં રૂા.૨૫,૦૦૦/– અને ગંભીર પ્રકારના ઈજાગ્રસ્ત રૂા.૧૨,૫૦૦/– ની સહાય મળે છે. નિયત નમુના નં. ૧ માં અરજી કરવાની રહે છે. સાથે એફ. આઈ. આર. ની નકલ, અકસ્માત અંગેનુ પંચનામુ, જવાબ, ડોટકરી સર્ટી. વિ સાથે મામલતદારશ્રીને, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને અરજી કરવાની રહે છે. આકસ્માતની તારીખથી ૬ માસ અને વધુમાં વધુ ૧૨ માસમાં અરજી કરી શકાય છે. મામ.શ્રીને તપાસણી અહેવાલ આધારે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા આખરી નિર્ણય કરવામાં આવે છે. |
| ૨૩ | જાત રક્ષણ હથિયાર પરવાના મેળવવા બાબત ( રીવોલ્વર, પિસ્તોલ, રાયફલ, ડીબીબીએલ ગન વિ. ) | સ્વરક્ષણ માટેની હથિયાર પરવાના મેળવવા માટે નિયત નમુનામાં રૂા. ૩–૦૦ ની કોર્ટ ફી લગાવીને, ૦૦૫૫ પોલીસ સદરે રૂા. ૧૦૦/– ચલન થી જમા કરાવી, ચલનની નકલ સાથે અરજી કરવાની હોય છે. અરજી સાથે આધારભુત દસ્તાવેજો જોડવાના રહ છે. મામલતદારશ્રી અને પોલીસ અધિક્ષકશ્રી તપાસણી અહેવાલ નિગાહે લઈ, જિલ્લા મેજી.શ્રી ધ્વારા પરવાનો આપવા નિર્ણય કરવામાં આવે છે. અરજીના નિકાલનો સમય : ૭૫ દિવસનો છે. |

| | | |
|---|---|---|
| ૨૪ | કેરોસીન અને લાઈટ ડીઝોલ ઓઈલ સ્ટોરેજ પરવાના આપવા બાબત. | અરજદારશ્રીએ નિયત નમુનાના ફોર્મ નં. ૮ માં રૂા. ૩/– ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી. સ્થળ, જમીન માલિકીના આધાર, સ્થળના લે–આઉટ પ્લાન સાઈટ પ્લાન સાથે અરજી કરવાની રહે છે. દર હજાર લીટરે રૂા.૨૦/– પ્રમાણે " ૮૦૨ પેટ્રોલીયમ " સદરે ચલનથી જમા કરાવી અરજી સાથે રજુ કરવાનુ રહે છે. મામ.શ્રી, પોલીસ અધિ.શ્રી, કા.ઈ.શ્રી મા. અને મ. વિભાગના અભિપ્રાયને નિગાહે લઈ સ્ટોરેજ પરવાનો આપવામાં આવે છે. ૬૦ દિવસની અંદર નિર્ણય લેવાનો રહે છે. |
| ૨૫ | ભારતીય નાગરિકતા મળવા બાબત | પાકિસ્તાનમાંથી ભારત આવીને સ્થાયી થયેલ હિંદુ માઈનોરીટીના ઈસમોને નાગરિકતા અધિ. ૧૯૫૫ની કલમ– ૫(એ) (સી) (ડી) અને (ઈ) મુજબ ભારતીય નાગરીકતા આપવા માટે તા. ૨૮/૨/૨૦૦૬ સુધી કેન્દ્ર સરકારના તા. ૨૮/૨/૨૦૦૪ ના જાહેરનામાથી અધિકાર આપવામાં આવેલ છે. નિયુકત કરેલ ફોર્મમાં, જરુરી ફી અને આધારો સાથે અરજી કરવાની રહે છે. |
| ૨૬ | કૂવા ઉંડા કરવાના ટોટા મેળવવા માટે હંગામી પરવાનો મેળવવા | કૂવો ઉંડો  કરવા માટે ટોટા મેળવવા માટે હંગામી પરવાનો જિલ્લા મેજી.શ્રી ધ્વારા આપવામાં આવે છે. નિયત નમુનાના ફોર્મ સાથે રૂા. ૧૫૦/– નુ ચલન ભરી રજુ કરવાનુ રહેશે તથા જરુરી આધારો રાખવાના રહેશે. આ પરવાનો ત્રણ માસ માટે મળી શકે છે. |
| ૨૭ | પોઈઝન પરવાનો આપવા અંગે | પોપી–ર નો પરવાનો ધરાવતા પરવાનેદારશ્રીએ પોઈઝન પરવાનો મેળવવાનો રહે છે. મામ.શ્રી પોલીસ અધિક્ષકશ્રી, નશાબંધી અને આબકારી અધિક્ષકશ્રી પાસેથી તપાસણી અહેવાલ મેળવવામાં આવે છે. તપાસણી અહેવાલ આધારે જિલ્લા મેજી.શ્રી એક વર્ષની મુદત માટે પોઈઝન પરવાનો આપે છે. જે દર વર્ષે રીન્યુ કરવાનો રહે છે. |
| ૨૮ | પ્રીમાઈસીસ બુકીગ લાયસન્સ | સાર્વજનિક આમોદ પ્રમોદની જગ્યામાં દાખલ થવાની ટીકીટ અથવા પાસ પછી તે ગમે તે નામે ઓળખાતા હોય તેના વેચાણનુ નિયમન બાબતના નિયમો તળે આયોજકે પ્રીમાઈસીસ બુકીગ લાયસન્સ મેળવવાનુ હોય છે.<br>– અરજદારે આ લાયસન્સ મેળવવા જિલ્લા મેજીસ્ટ્રેટને ઉદ્દેશીને અરજી કરવાની રહે છે, તે સાથે |

| | | |
|---|---|---|
| | | નિયત થયેલ લાયસન્સ ફી નુ ચલન ભરી તેની નકલ તેમજ જે જગ્યાએ પ્રોગ્રામ કરવાનો હોય તે જગ્યાની માલિકી સંમતિ અને કલાકારોની સંમતિ પત્ર રજુ કરવાના રહે છે. |
| ૨૯ | વિડીયો લાયસન્સ | અરજદારે નિયમ અરજી ફોર્મ સાથે, જે સ્થળે વિડીયો ગૃહ શરુ કરવાનુ હોય તેની માલિકી, ભાડા ચિઠ્ઠીની વિગતો તેમજ મકાન માલિકનુ સમંતિ પત્ર તથા સુચિત સ્થળથી ૧૫૦ મીટરની મર્યાદામાં આવેલ મકાન, હોસ્પિટલ, થીયેટર ની વિગતો સાથેનો લે–આઉટ પ્લાન તથા બેઠક સંખ્યા મુજબ ફી ભર્યાના ચલણ સાથે અરજી કરવાની રહેશે. |
| ૩૦ | કાયમી સિનેમા લાયસન્સ | ૧) કાયમી સિનેમા લાયસન્સ લેતાં પહેલા અરજદારે સિનેમા બાંધકામ માટે જિલ્લા મેજીસ્ટ્રેટનુ ' ના વાંધા પ્રમાણપત્ર ' મેળવવાનુ રહેશે.<br>૨) ના–વાંધા પ્રમાણપત્ર મળ્યા બાદ મુંબઈ સિનેમા નિયમો–૧૯૫૪ ની જોગવાઈ મુજબ સિનેમા ગૃહના લે– આઉટ પ્લાન રજુ કરવાના રહેશે.<br>૩) અરજી સાથે નિયત બેઠક વ્યવસ્થા મુજબની નિયત ફીનુ ચલન તેમજ નીચેની વિગતના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.<br>(૧) મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, જિ. પં. નુ પ્રમાણપત્ર<br>(૨) આસી. ઈલેકટ્રીકલ ઈન્સ્પેટકરનુ વીજ જોડાણનુ પ્રમાણપત્ર<br>(૩) કા.પા.ઈ.શ્રી મા. અને મ. (રાજય) નુ પ્રમાણપત્ર<br>(૪) કાયમી સિનેમા માટે એન.ડી.ઓ. ફોન્સ.નુ પ્રમાણપત્ર |
| ૩૧ | સુખ સુવિધા કર ભરતી હોટલના રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર બાબત | અરજદારે<br>૧) નિયત નમુનાની અરજી<br>૨) રૂા.૩૦૦૦/– નુ રજીસ્ટ્રેશન ફી ભર્યાનુ ચલણ<br>૩) હોટલના ટેરીફની વિગત દર્શાવતુ કાર્ડ અથવા ફોર્મ નં.૨ ની નકલ<br>૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા અપાયેલ નોંધણી પ્રમાણપત્રની નકલ |